**રે.સમરી મુ.નં.૨૮૦/૨૦૨૨**

**–:: આંક– ૧૦ લગત હુકમ ::–**

(૧) આ કામનાં વાદીએ હાલનો દાવો સી.પી.સી. ઓર્ડર–૩૭ મુજબ સમરી ટ્રાયલથી ચલાવવા કરેલ છે. જે લગત આ કામનાં પ્રતિવાદીને ધોરણસરની સમન્સ બજી જતાં તેઓ તેમનાં વિ.વ.શ્રી. મારફતે હાજર થયેલ છે અને આંક–૫ થી એપ્યરન્સ દાખલ થયેલ છે. ત્યારબાદ આંક– ૯ થી વાદીએ સી.પી.સી. ઓર્ડર–૩૭, રૂલ–૩ (૪) મુજબ સમન્સ ફોર જજમેન્ટ મેળવવા માટેની અરજી આપેલી. ત્યારબાદ હાલનાં પ્ર તિવાદીએ અગાઉ જણાવ્યા મુજબ આંક–૧૦ થી લીવ ટુ ડીફેન્સની અરજી આપેલી અને સાથે સોગંદનામું રજુ કરેલું. જે અરજી લગત ફીકસ ફોર હીયરીંગનો હુકમ કરેલો. ત્યારબાદ આ કામે વાદી તરફે કાઉન્ટર એફીડેવીટ રજુ થયેલ નથી.

(૨) આ કામે પ્રતિવાદીએ પોતાની લીવ ટુ ડીફેન્સની અરજીમાં વાદીનાં દાવાની હકીકતોનો ઈન્કાર કરેલ છે. એટલું જ નહીં પ્રતિવાદીએ ચેકમા જણાવેલ રકમ બેન્કમાથી ઉપાડી હિતેષ સોનીને આપી દીધેલ હોય તેમજ વાદી પ્રતિવાદીને ઓળખતા ન હોય કે પ્ર તિવાદી પણ વાદીને ઓળખતા નથી તેમ છતા પ્રતિવાદીએ અન્ય રમેશભાઈ વતી દવાખાનાના કામ સારુ માત્ર બેન્કમાથી પૈસા ઉપાડી તેઓને આપેલ હોય જેનો વાદીએ ગેરલાભ લઈ હાલનો ખોટો દાવો કરેલ છે તેમજ આંક–૯ નાં સમન્સ ફોર જજમેન્ટ મેળવવાની વાદીની અરજીનાં સોગંદનામામાં જણાવેલ તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે. આમ, સદર અરજી મંજુર કરવા અને બીનશરતી બચાવ કરવા અરજ કરેલ છે.

(૩) આમ, સમગ્ર રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાને લેતાં પ્રતિવાદીએ વાદીને તેઓ

ઓળખતા ન હોય અને તેઓ વચ્ચે કોઈ વ્યવહાર થયેલ ન હોય અને વાદીએ રજુ રાખેલ ચેક તેઓએ રમશેભાઈ સોનીને આપેલ હોવાનુ જણાવેલ છે. ત્યારે આ હકીકતો પુરાવાનો વિષય  છે અને પુરાવો લીધા સીવાય તે નકકી થઈ શકે તેમ નથી. આ સંજોગોમાં પ્રતિવાદીને બચાવની તક આપવા માટે પુરતુ અને વાજબી કારણ જણાઈ આવે છે. આવા સંજોગોમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**—:: હુ ક મ ::—**

પ્રતિવાદીની  અરજી આથી મંજુર કરવામાં આવે છે.

સદર દાવાને રેગ્યુલર દીવાની મુકદમા નંબર રજીસ્ટરે નોંધી આગળની કાર્યવાહી માટે તા. ૨૪/૧/૨૫ ના રોજ મુદત મુકરર કરવામા આવે છે.

હુકમ આજરોજ તારીખ ૨૫ મી નવેમ્બર,૨૦૨૪ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ ::— ૨૫/૧૧/૨૦૨૪

**( એમ.ડી.વીરાણી )**
**બીજા એડી. સીવીલ જજ,**
**અમદાવાદ ( ગ્રામ્ય)**